ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સુવર્ણ ગાંધીનગર ઉત્સવ અન્વયે બે દિવસ અભૂતપૂર્વ 'નૃત્યોત્સવ'

## નગરની ૩૦ સંસ્થાઓના ૧ હજાર કલાકારો વૈવિધ્યસભર નૃત્ય કૃતિઓ રજૂ કરશે : નગર વિકાસમાં પાયાનું યોગદાન ધરાવતા ૫૦ મહાનુભાવોના હસ્તે ઉજવણીનો શુભારંભ થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સ્થાપનાની સુવર્ણ જયંતિ અન્વયે 'સુવર્ણ ગાંધીનગર ઉત્સવ'ની ઉજવણીનું આયોજન ૩૦ સંસ્થાઓ દ્વારા ગરબા, કાશ્મીરી, મણીપુરી ઉપરાંત ગોવા અને પંજાબની સંસ્કૃતિની ઝાંખી કરાવતી નૃત્યકૃતિઓની પ્રસ્તુતિ થશે. આ તબક્કે નગરના




કરવામાં આવ્યું છે. અગાઉ ઉત્સવના પ્રારંભે નગર પ્રદક્ષિણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યારે હવે અભૂતપૂર્વ નૃત્યોત્સવ' યોજાશે. કલ્ચરલ ફોરમ દ્વારા નગરની તમામ સંસ્થાઓના સહયોગથી આગામી તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ ટાઉનહોલ સામે સ્થિત ગરબા મેદાનમાં નૃત્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના ઈતિહાસમાં પ્રથમવાર યોજાનારા આ નૃત્યોત્સવમાં શાળા-કોલેજો તેમજ વિવિધ કલાસંસ્થાઓના ૧ હજાર કલાકારો વૈવિધ્યસભર નૃત્યકૃતિઓ પ્રસ્તુત કરશે. આ પ્રસંગે નગરના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપનારા ૨૮ જેટલા પુણ્ય આત્માઓને સ્મરણાંજલિ અર્પણ કરાશે. જેના ભાગરૂપે મેદાનમાં સ્થિત સ્ક્રીન ઉપર તેમની તસવીર તેમજ યાદગાર દૃશ્યો પણ તાદૃશ્ય રજૂ થશે.

ગાંધીનગર ૫૦ વર્ષનું થઈ રહ્યું છે. ત્યારે સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગરૂપે 'સુવર્ણ ગાંધીનગર ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ માહિતી આપતા જણાવ્યું હતું કે સુવર્ણ જયંતિને અનુલક્ષી ૬ મહિના પૂર્વેથી કાર્યક્રમોની શરૂઆત કરી દેવાઈ છે. નગર પ્રદક્ષિણા બાદ નગરના ઈતિહાસમાં પ્રથમવાર બે દિવસીય નૃત્યોત્સવના અદ્ભુત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ નૃત્યોત્સવમાં ૧૭ શાળા-કોલેજો તેમજ ૧૩ કલાસંસ્થાઓના ૧ હજારથી વધુ કલાકારો ભાગ લેશે. નૃત્યોત્સવ દરમિયાન વિવિધ નિર્માણમાં અમૂલ્ય યોગદાન ધરાવતા ૨૮ જેટલા પુણ્ય આત્માઓને વિશેષરૂપે સ્મરણાંજલિ અર્પણ કરાશે. આ ઉપરાંત નગરના ઘડતર વિકાસમાં જેમણે પાયો નાંખ્યો છે તેવા વિવિધ ક્ષેત્રના ૫૦ મહાનુભાવોના હસ્તે નગર ઉત્સવની ભવ્ય ઉજવણીનો પ્રારંભ થશે. આ નૃત્યોત્સવમાં સે. ૨૩ સ્વામિનારાયણ હાઈસ્કૂલ, આર.એન. લલિતાકલા અકાદમી, જાઝ ગ્રૂપ, ઉમા આર્ટસ-નાથીબા કોલેજ, પૂજન ગ્રૂપ, એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ, કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એન્ડ રીસર્ચ, નગર કલાવૃંદ, વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, શૌલિન ડાન્સ એકેડમી, જે.એમ. ચૌધરી સ્કૂલ, પ્રસંગ કલાવૃંદ, સરસ્વતી વિદ્યાલય, શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સેંટ ઝેવિયર્સ સ્કૂલ, આર.સી. પટેલ હાઈસ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, આર.જી. કન્યા વિદ્યાલય, ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ, મલ્હારગૃપ, પનઘટ કલાકેન્દ્ર, સુરમધુર, રાગા, દર્પણ ફાઉન્ડેશન, અનયા કલાવૃંદ, ક્રિશ્ના ડાન્સ એકેડમી, કેમ્બ્રીજ સ્કૂલ, સુદરમ્ કલ્ચરલ ગૃપ ઓફ પરફોર્મિંગ આર્ટ સહીતની સંસ્થાઓ ભાગ લેશે.

**૨૨ અને ૨૩ ફેબ્રુઆરીએ ગરબા મેદાનમાં કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે**

'સુવર્ણ ગાંધીનગર ઉત્સવ'ની ઉજવણીનો આરંભ 'નૃત્યોત્સવ'થી થઈ રહ્યો છે. ઉમંગ અને ઉત્સાહની અભિવ્યક્તિના આ કાર્યક્રમમાં બે દિવસ દરમિયાન દરરોજ રાત્રે ૮.૦૦ વાગ્યાથી અદ્ભુત નૃત્ય પ્રસ્તુતિ કરાશે. આ માટે ગાંધીનગરની નૃત્ય સંસ્થાઓ અને

● અનુસંધાન પાન-૭ પર

# ચંપાવતને વધુ એક દિવસના રિમાન્ડ

## કૉલ ડીટેઈલની તપાસ અને અન્ય આરોપીઓ સુધી પહોંચવા પોલીસે ૧૦ દિવસના વધુ રિમાન્ડની માંગણી કરી હતી

ગાંધીનગર, તા.૨૦

ચકચારી તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સુત્રધાર કલ્યાણસિંહ ચંપાવતના આજે ચાર દિવસના રિમાન્ડ પુરા થતા એલસીબીના તપાસનીશ અધિકારીએ કોર્ટમાં રજુ કરી ચંપાવત તપાસમાં સહકાર ન આપતા હોવાથી વધુ પુછપરછ માટે વધુ ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. ગાંધીનગર કોર્ટે ચંપાવતના ૨૪ કલાકના રિમાન્ડ મંજુર કર્યા છે.

એલસીબીની ટીમે તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર ચંપાવતને ઝડપી પાડી પુછપરછ માટે રિમાન્ડ મેળવવા કોર્ટ સમક્ષ રજુ કરતાં કોર્ટે ચાર દિવસના રીમાન્ડ આપ્યા હતા. તેમાં પોલીસે સાક્ષી ઉમેદવારોના નિવેદનો લીધા ઉપરાંત એક શિક્ષણ વિભાગના ડીવાયએસઓની પણ ધરપકડ કરી લીધી છે. તે ઉપરાંત આરોપીઓના ઘરમાં સર્ચ કરાયું હતું તે પૈકી એજન્ટ નિશલના ઘરેથી વધુ ૧૯ લાખ મળી આવ્યા હતા. તેને જપ્ત કર્યા છે. હજુ બે એજન્ટના નામ આ પ્રકરણમાં ખુલ્યા છે પરંતુ તેની પુરી વિગત ચંપાવત આપતો નથી. તપાસમાં પોલીસને સહકાર આપતો નથી તે ઉપરાંત કૉલ ડીટેઈલ ને આધારે તપાસ ચાલી રહી છે જેથી વધુ ૧૦ દિવસના રિમાન્ડ આપવા માંગણી પોલીસે કરી હતી. કોર્ટે રિમાન્ડનાં ગ્રાઉન્ડને જોઈને નિશલ અને ચંપાવત બંનેના એક એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)

### વધુ બે એજન્ટના નામ ખુલ્યા..!

એલસીબીએ ચંપાવતની સાથે તેના એક એજન્ટ નિશલ શાહને ઝડપી પાડયો હતો. ત્યાર બાદ ગઈ કાલે એજન્ટ ડીવાયએસઓની ધરપકડ કરી હતી. દરમિયાન ચંપાવતની ઊંડી પુછતાછમાં વધુ બે એજન્ટના નામ પોલીસ સામે ખુલ્યા છે. ૨૦ ઉમેદવારોને તલાટી બનાવી આપવા એક અનિલ મેવાડા નામની વ્યકિતએ ચંપાવત પાસે મોકલ્યા હતા તે ઉપરાંત એક નૈમેષ જયસ્વાલ નામના એજન્ટનું પણ નામ બહાર આવ્યું છે. આ બંને એજન્ટોની શોધખોળ એલસીબીએ શરુ કરી છે.

## કૌભાંડ કીંગ ચંપાવતનો મુદ્દો આજે ગૃહમાં ગૂંજશે

તાજેતરમાં રાજય સરકાર દ્વારા તલાટીઓની ભરતી માટે પરીક્ષાઓ યોજાઈ હતી. જેમાં અંદાજે આઠ લાખ જેટલા બેરોજગારોએ પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ આવા ઉમેદવારોને પરીક્ષા આપવાના કેન્દ્રો અંગેની માહિતી ખોટી મળી હતી. સમયસર પણ મળી ન હતી. આથી આવા અસંખ્ય ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી જવા પામ્યા છે. ઉપરાંત આ પરીક્ષામાં પાસ કરાવી આપવાના બહાને એજન્ટો દ્વારા ઉમેદવારો પાસેથી કરોડો રૂપિયા પણ ઉઘરાવવામાં આવ્યા હતા. આવા સંજોગોમાં સાચા અને જરુરિયાતવાળા ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે. આથી પરીક્ષા આપવાથી વંચિત રહેલ ઉમેદવારો પુનઃ પરીક્ષા આપી શકે તથા કરોડો રૂપિયા ઉઘરાવતા એજન્ટો સામે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલા અંગે ચર્ચા કરાશે.

## રિતેશ નાયક વધુ બે દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૦

તલાટીની પરીક્ષા પાસ કરાવવાના પકડાયેલા કૌભાંડમાં પકડાયેલ આરોપી રિતેશ નાયકને આજે સાંજે કોર્ટમાં રજુ કરાતાં કોર્ટે વધુ બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સચિવાલય શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા રિતેશ નાયકના ઘરેથી મોટી રકમ પકડાતાં વધુ પુછપરછની જરૂર હોવાની રજૂઆત કરતાં નામદાર કોર્ટે રિતેશ નાયકના વધુ બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન વધુ વિગતો બહાર આવે તેવી શક્યતાઓ જણાઈ રહી હોવાનું પોલીસ સુત્રોમાં ચર્ચાઈ રહ્યું છે. ચંપાવતને ત્યાં મોકલાવાયે ૮ પૈકી ૭ પાસેથી ૧-૧ લાખ રૂપિયામાંથી ૨૫-૨૫ હજાર કમિશન પેટે રિતેશ નાયકને મળ્યા હતા.

## ચંપાવતે પોતાના કલાસમાં ૧૦ લાખમાં પાસ કરાવી આપવાની જાહેરાત કરી હતી

ચકચારી તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર ચંપાવતે પોતાના કલાસ સ્માર્ટ એકેડમીમાં જાહેરમાં જ 'જેને પાસ થવું હોય રેવન્યુ તલાટીની પરીક્ષામાં, તેવા વિદ્યાર્થીઓ રૂ. ૧૦ લાખ આપો, હું અંગત રસ દાખવી તમને ૧૦૦ ટકા પાસ કરાવી દઈશ તેમ કહ્યું હતું.' જેથી કેટલાક વિદ્યાર્થીઓ લલચાયા પણ હતા જો કે કયા કયા વિદ્યાર્થીઓએ રૂપિયા આપ્યા છે તે હજુ બહાર આવ્યું નથી. જયારે પોલીસે આજ તલાટી ભરતી પ્રકરણમાં વધુ બે યુવતીના નિવેદનો પણ લીધા છે. જેના આધારે આગલની તપાસ હાથ ધરી છે.

**તાત્કાલિક જોઈએ છે**

સેક્ટર-૮, ૧, ૨ અને ૭માં ૩૩૦ ચો.મી.નો પ્લોટ અથવા બંગલો

**મો. ૯૮૨૪૪ ૪૨૭૭૯**

**Happy Birthday**



**Dear MEH**

Date : 21/2/2014

Today, Tomorrow and day after, tomorrow your Birthday is.... Hot, Lovely, Sweet, Excellent and Happy Forever

— From —
Devendra (Dada)
Shardaba (Dadi)
Anand (Daddy)
Prerna (Mumma)




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com